# સી.બી.એસ.સી. બોર્ડમાં ગાંધીનગરનો મેઘ ઠક્કર રાજયમાં બીજા સ્થાને

## ગાંધીનગરના જાણીતા તબીબ ડો. વિપુલ ઠક્કરના પુત્રએ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં નગરનુ નામ રોશન કર્યુ : અભ્યાસમાં સફળ થવા માટે રોજનો ટાર્ગેટ નક્કી રાખવો પડે : મેઘ ઠક્કર

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના જાણીતા તબીબ ડો. વિપુલ ઠક્કરના પુત્ર મેઘ ઠક્કરે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષામાં સમગ્ર રાજયમાં બીજો નંબર હાંસલ કર્યો છે. મેઘે સી.બી.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૯૭.૨ ટકા ગુણ પ્રાપ્ત કર્યા છે. મેઘને આગળ કોમ્પપ્યુટર સાયન્સમાં અભ્યાસ કરવો છે. શિક્ષણ ક્ષેત્રે શરૂઆતથી જ ટોપર્સની યાદીમાં



સ્થાન મેળવનાર મેઘ નવરાશની પળોમાં ગિટાર વગાડવાનુ પસંદ કરે છે. જેઈઈની પરીક્ષામાં પણ મેઘે ૨૮૫ ગુણ પ્રાપ્ત કરી નગરને ગૌરવ અપાવ્યુ છે.

તરીકે સે-૩ માં ઉમદા સેવા આપી રહયા છે. જયારે માતા રીનાબેન હાઉસ વાઈફ છે. મેઘે કેમેસ્ટ્રી વિષયમાં ૧૦૦, ગણિતમાં ૯૫, ફિઝિક્સમાં ૯૯, ફિઝિકલ એજયુકેશનમાં ૯૮ તેમજ અંગ્રેજીમાં ૯૪ ગુણ પ્રાપ્ત કર્યા છે. મેઘ ઠક્કરે અત્યંત કઠીન મનાતી જેઈઈની કસોટીમાં પણ ૨૮૫ ગુણ પ્રાપ્ત કર્યા છે. દરરોજ ૮ થી ૧૦ કલાક વાંચન કરતા મેઘના મતે રોજનો ટાર્ગેટ નક્કી કરી અભ્યાસ કરવાથી ફાયદો થાય છે. પુસ્તકોનો અભ્યાસ રાખવો અત્યંત અનિવાર્ય છે. જયારે અગાઉના પ્રશ્નપત્રો સોલ્વ કરવાનુ પણ પરિક્ષાર્થી માટે ઉપયોગી સાબીત થાય છે. મેઘ અભ્યાસુ પ્રવૃતિથી દુર હટીને



બોપલની તુલીપ ઈન્ટરનેશનલ શાળામાં સી.બી.એસ.સી. બોર્ડમાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ગાંધીનગરના મેઘ વિપુલ ઠક્કરે સમગ્ર રાજયમાં બીજો નંબર મેળવ્યો છે. મેઘ ઠક્કરે ૫૦૦ માંથી ૪૮૬ ગુણ પ્રાપ્ત કરી ૯૭.૨ ટકા સાથે ટોપર્સની યાદીમાં સ્થાન બનાવ્યુ છે. મેઘના પિતા ડો. વિપુલ ઠક્કર તબીબ નવરાશની પળોમાં ગિટાર અને કેશિયો વગાડવાનુ પસંદ કરે છે. મેઘના પિતા ડો. વિપુલ ઠક્કર તબીબ હોવાની સાથે સાલસ અને નિખાલસ વ્યકિતત્વ ધરાવે છે. મેઘ તેમના પિતાના સ્વભાવ અને સેવાભાવી અભિગમને પ્રેરણારૂપ માની આગળ કોમ્પ્યુટર સાયન્સમાં અભ્યાસ કરવાની ખેવના ધરાવે છે.



ભોજલરામ જયંતિ - સૌરાષ્ટ્ર-ગુજરાતના પ્રસિદ્ધ સંત ભોજાભગતની જન્મ જયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ દ્વારા યોજાયેલ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો અને પટેલ સમાજના અગ્રણીઓ જોડાયા હતા. આ પ્રસંગે મેયર પ્રવીણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ તથા સમાજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાતાવરણમાં નાટયાત્મક પલ્ટાથી આગ ઓકતી ગરમીમાં રાહત

## ગરમીનો પારો વધુ એક ડી ગ્રી ગગડ્યો : મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી સવારથી જ આકાશમાં વાદળોનો ઘેરાવો : સતત પવનથી ઘુળની આંધી ફુંકાઇ

ગાંધીનગર તા ૨૧

ગરમીએ હદ વટાવતા આગની ભઠ્ઠીમાં શેકાતા નગરજનો ગરમીથી બેહાલ બની ગયા છે. ત્યારે છેલ્લા બે દિવસમાં સદીની રેકર્ડ બ્રેક ગરમીના અંતે ગરમીનો પારો ૪.૫ ડી ગ્રી નીચે ઉતરતા નગરજનોને પ્રમાણમાં ગરમીમાં રાહત મળી છે. ગઈકાલ સાંજથી વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. અચાનક જ સુસવાટા મારતા પવન સાથે વાતાવરણ ઘુળિયુ બની ગયુ હતુ. જયારે આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ઘુળની આંધી ફુંકાઈ હતી. જેના લીધે ગરમીનો પારો પણ ૧ ડી ગ્રી નીચે ઉતર્યો હતો.

શહેરમાં છેલ્લા ૨૦ દિવસથી આગ ઓકતી ગરમીએ જનજીવનને અસ્તવ્યસ્ત કરી દિધુ છે. જયારે આકરી ગરમીના લીધે નગરજનો ઘરની બહાર નિકળવાનુ પસંદ ન કરતા નગરના જનજીવનમાં પણ છેલ્લા ઘણાં સમયથી સુનકાર પ્રવર્તેલો જોવા મળી રહયો છે. છેલ્લા કેટલાક સમયથી ગરમીનો પારો ૪૩ ડી ગ્રીથી

● અનુસંધાન પાન-૫ પર

# સે-૨૧ જીમખાનામાં મુલાકાતીઓ શાવર લીધા વિના જ પુલમાં ખાબકતા રોગચાળાની દહેશત

## વેકેશનની મોસમમાં પુલમાં ન્હાવા માટે કિડીયારુ ઉભરાય છે ત્યારે છેલ્લા એક અઠવાડીયાથી શાવરમાં પાણી આવતુ નથી : પુલમાં પાણીની ગુણવત્તા ન જળવાતી હોવાનો પણ આક્રોશ

ગાંધીનગર તા ૨૧

સે-૨૧ જીમખાના સ્થિત સ્વિમીંગ પુલમાં સ્વચ્છતા ન જળવાતા મુલાકાતીઓના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. નિયમિત પાણી ન આવતુ હોવાથી નવ નિર્મિત સ્વીમીંગ પુલમાં તરવા તેમજ શિખવા માટે આવતા મુલાકાતીઓ પુલમાં ન્હાવા પડતા પહેલા અને બાદમાં શાવર લઈ શકતા નથી. હાલ વેકેશનના સમયગાળા દરમિયાન પુલમાં સ્વીમિંગ માટે આવતા મુલાકાતીઓની સંખ્યામાં પણ પાંચ ગણો વધારો થયો છે. ત્યારે પુલમાં પાણીની સ્વચ્છતા સામે પણ પ્રશ્ન મંડરાયો છે. આવા

● અનુસંધાન પાન-૫ પર

# ગરમી લાગવાથી વધુ બે ના મોત

## પેથાપુરની મહિલા અને પ્રાંતિયાની હોટલના કારીગરનું અવસાન : જિલ્લામાં ગરમીથી કુલ ૪ મોત થયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકામાં હીટવેવને પગલે વધુ બે વ્યકતીના મોત થતાં ગરમીને કારણે મૃત્યુ પામાનારાઓની સંખ્યા ૪ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે પેથાપુરની એક મહિલાને લૂ લાગવાથી ઝાડા-ઉલ્ટી થયા હતા તેમજ તેને હૃદયની બિમારી પણ હોવાનું જાણવા મળેલ છે જેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે. આ મહિલા શ્રમિક હોવાનું જાણવા મળેલ છે. જે પોતે નાનો ઉદ્યોગ કરી ઘર ચલાવવામાં મદદરૂપ થતી હતી.

આ ઉપરાંત ગાંધીનગર-ચિલોડા હાઈવે પર આવેલ પ્રાંતિયાની ભોલે હોટલમાં કારીગર તરીકે કામ કરતા નવીનભાઈ શ્રીવાસ્તવને આજે ખેંચ આવતાં ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવેલ જ્યાં સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યું છે.

આમ ગાંધીનગર જિલ્લામાં ગરમી લાગવાથી બે મોતના અહેવાલથી જિલ્લામાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

અગાઉ ઈસનપુર મોટા ખાતે એક મહિલાનુ મોત ગરમી લાગવાથી થયુ હતુ તો સે. ૫માં દહેગામના પોલીસ અધિકારી ચાવડાના પુત્રનું પણ લૂ લાગવાથી મોત નીપજવાના અહેવાલોની શાહી સુકાઈ નથી.

ગાંધીનગર જિલ્લામાં આ સપ્તાહમાં વિક્રમી ગરમી નોંધાઈ છે. આરોગ્ય તંત્રએ પણ લોકોને ૧૧ થી ૪ દરમ્યાન બહાર નહિ નીકળવા અને વધુ પ્રવાહી લેવાની સલાહ આપતી પત્રિકાઓ પણ છપાવી તેનુ વિતરણ કર્યુ છે.

# શહેર-તાલુકામાં કોલેરાના ત્રણ કેસ

## સે. ૭-બી સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં થઈ ત્રણ કોલેરા પોઝીટીવના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકામાં પાણીજન્ય રોગચાળાએ તેનુ વિકરાળ રૂપ ધારણ કર્યું છે. આજે ગાંધીનગર શહેરના સે. ૭-બીમાં અને ગ્રામ્ય વિસ્તારના બે દર્દીઓને કોલેરો પોઝીટીવ આવતાં આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સે. ૭-બીની ખાનગી વસાહતમાં રહેતા એક ભાઈ સામાજિક કારણોસર વડોદરા, સુરત થઈ અને વતન ધમેડા ગયા હતા જ્યાં તેમને ઝાડા-ઉલ્ટી થતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા.

તેમના નમૂનાઓના પરીક્ષણમાં કોલેરા પોઝીટીવ જણાયો છે. તેઓ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. શહેરના આરોગ્ય તંત્ર દ્વારા સે. ૭-બીમાં દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં તેમજ માણસા તાલુકાના ધમેડા ગામે પણ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ અન્ય કોઈ શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી.

ગાંધીનગર તાલુકાના આદરજ મોટી ખાતે રેલવે કોલોની વસાહતમાં રહેતા એક શ્રમજીવી પરિવારના એક ભાઈને ઝાડા-ઉલ્ટીને લઈ ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરેલ તેમને પણ કોલેરા પોઝીટીવ આવાતં તંત્રએ આદરજ મોટી ખાતે સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

જયારે ત્રીજો દર્દી ગાંધીનગરના વિરા તલાવડી નજીકના નવાપુરા જે પરા વિસ્તાર તરીકે ઓળખાય છે ત્યાં દાહોદથી રોડના કામ માટે આવેલ ભાઈને આરોગ્યની ટીમના સર્વેલન્સમાં ઝાડા-ઉલ્ટીની ફરિયાદ કરતાં ગાંધીનગર સિવિલમાં દાખલ કરેલ જ્યાં પરીક્ષણ દરમ્યાન આ દર્દીને પણ કોલેરા પોઝીટીવ જણાયો હતો.

એક જ દિવસમાં કોલેરા પોઝીટીવના ત્રણ કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો હતો. જો કે ત્રણેય કેસ છુટા છવાયા નોંધાયા છે પણ તંત્રએ ગંભીરતાથી તેની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર તાલુકામાં આ સિઝનમાં કોલેરાના નવ દર્દીઓ નોંધાયા છે. જેમાં રાંધેજાના ૩ દર્દી ઉપરાંત સુઘડ, ઉવારસદ, ઝુંડાલ, ગાંધીનગર શહેર અને આજના ૩ દર્દીઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં જો કે કોલેરા પોઝીટીવનો પ્રથમ કેસ નોંધાયો છે. રાંધેજાને તો આરોગ્ય તંત્રએ કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે ઘોષિત કરતુ જાહેરનામુ પણ પ્રકાશિત કરેલ છે જે ઉલ્લેખનીય છે.


મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ સ્થાપિત ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**
આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૪૦૦૧૬૨૦૦

**પ્રવેશ જાહેરાત : ૨૦૧૬–૨૦૧૭**

**મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ફોન : ૪૦૦૧૬૨૭૨**
M.A. (પારંગત) : ૧. ગુજરાતી ૨. હિન્દી ૩. અર્થશાસ્ત્ર ૪. ઈતિહાસ ૫. સમાજશાસ્ત્ર ૬. પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન (JOURNALISM) ૭. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન (B.Lib.,M.Lib.) ૮. જૈનવિદ્યા ૯. બૌદ્ધદર્શન ૧૦. યોગવિદ્યા (સ્નાતક કક્ષાએ ૪૦% ગુણ જરૂરી) ૧૧. સમાજકાર્ય (M.S.W.) (સ્નાતક કક્ષાએ ૫૫% ગુણ જરૂરી). **અનુસ્નાતક ડિપ્લોમા :** ૧. દ્દશ્યશ્રાવ્ય નિર્માણ (AUDIO VISUAL) ૨. યોગવિદ્યા (ખંડ સમય) ૩. કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ (PGDCHN) (કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક ૪૦% સાથે) ૫. અનુવાદ હિન્દી ૬. પ્રયોજનમૂલક હિન્દી (એક વર્ષનો ખંડ સમય). **પ્રમાણપત્ર અભ્યાસક્રમ :** ૧. યોગવિદ્યા ૨. જૈનવિદ્યા (ધો. ૧૨ પાસ) ૩. કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્ક ટેક્નોલૉજી (ધો. ૧૨ પાસ/નાપાસ) ૪. સોલર ફોટોવોલ્ટિક ટેક્નિશિયન (ધો. ૧૦ પાસ/નાપાસ)

**શિક્ષણ મહાવિદ્યાલય / હિન્દી શિક્ષક મહાવિદ્યાલય, ફોન : ૪૦૦૧૬૩૪૧/૩૪૨**
(1) B.Ed. બી.એડ્./ B.Ed. Hindi બી.એડ્. હિન્દી (બે વર્ષ) : લાયકાત : કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતક કે અનુસ્નાતક. (2) M.Ed. એમ.એડ્. (શિક્ષણ પારંગત) બે વર્ષ : લાયકાત : કોઈ પણ વિદ્યાશાખામાં બી.એડ્.

**કમ્પ્યૂટર વિભાગ, ફોન : ૦૭૯-૪૦૦૧૬૩૩૧/૩૨૬**
(1) MCA Since 1994 ૬ સેમીસ્ટર લાયકાત : કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક* - પ્રથમ પ્રયત્ન સાથે ૪૦% કે તેથી વધુ ગુણ (AICTE માન્ય, CMAT જરૂરી નથી. (2) MCA (LATERAL) Direct 3rd Semમાં પ્રવેશ, ૪ સેમીસ્ટર લાયકાત : AICTE ના નિયમ પ્રમાણે (3) PGDCA Since 1987 લાયકાત : કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક, સવારે ૮-૦૦ થી ૧-૦૦ (વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ) *આર્ટ્સ વિદ્યાશાખામાં આંકડાશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર સાથે સ્નાતક હોવા જરૂરી છે.

**આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, ફોન : (૦૭૯) ૪૦૦૧૬૩૯૦**
M.A. : (Human Resource Development) એમ.એ. : (માનવ સંસાધન વિકાસ) લાયકાત : કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ ૪૦ ટકા અનિવાર્ય છે. (પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.)

**અહિંસા શોધ સંસ્થાન, ફોન : ૦૭૯-૪૦૦૧૬૩૧૮**
એમ.એ. : ગાંધી અધ્યયન (નિવાસી અભ્યાસક્રમ) પાત્રતા : કોઈ પણ વિદ્યાશાખામાં ઓછામાં ઓછા ૪૦% ગુણ સાથે સ્નાતક (૧૦+૨+૩) અથવા સમકક્ષ

**મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા, ફોન : ૨૩૨૭૪૨૨૮/૪૧૫**
B.A. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઈતિહાસ લાયકાત : કોઈ પણ પ્રવાહમાં ધોરણ - ૧૨ પાસ.

**માઇક્રોબાયોલોજી વિભાગ, સાદરા, ફોન : ૨૩૨૭૪૩૨૧, ૨૩૨૭૪૨૭૪**
(1) B.Sc. Microbiology (વિજ્ઞાન વિશારદ : સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન) ધોરણ - ૧૨, વિજ્ઞાન પ્રવાહ (બી-ગ્રુપ) સાથે પાસ થયેલાને પ્રવેશ. છ સેમીસ્ટર (૩ વર્ષ).
(2) M.Sc. Microbiology (વિજ્ઞાન વિશારદ : સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન) ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ (બી-ગ્રુપ) સાથે પાસ થયેલાને પ્રવેશ. છ સેમીસ્ટર (૩ વર્ષ). પ્રવેશ માટેની લેખિત તથા મૌખિક પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ લાવનારની પસંદગી

**મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા, ફોન (૦૭૯)-૨૩૨૭૪૪૧૯, ૨૩૨૭૪૦૯૯**
(૧) શારીરિક શિક્ષણ અને રમત સ્નાતક (Bachelor of Physical Education And Sports) B.P.E.S. : લાયકાત : ધોરણ-૧૨ પછીનો ત્રણ વર્ષ (૬ (છ) સેમીસ્ટર)નો અભ્યાસક્રમ.
(૨) શારીરિક શિક્ષણ તાલીમી સ્નાતક (Bachelor of Physical Education) B.P.Ed. : લાયકાત : કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક પછી બે વર્ષ (૪ સેમીસ્ટર)નો અભ્યાસક્રમ.
(૩) શારીરિક શિક્ષણ અને રમત અનુસ્નાતક (Master of Physical Education And Sports) લાયકાત : M.P.E.S., B.P.E., B.P.Ed., B.P.E.S. : પછી બે વર્ષ (ચાર સેમીસ્ટર)નો અભ્યાસક્રમ.

**ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા ફોન : ૦૭૯-૨૩૯૭૬૫૭૨-૭૩, મો. ૯૮૨૪૫ ૫૮૫૪૦**
એમ.બી.એ. ગ્રામવ્યવસ્થાપન પારંગત (MBA in Rural Management), લાયકાત : કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક (છેલ્લા વર્ષની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ અરજી કરી શકે છે.) ૪ સેમીસ્ટર (બે વર્ષ), પ્રવેશ : લેખિત પરીક્ષા, જૂથચર્ચા અને રૂબરૂ મુલાકાતના આધારે.

**મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા, ફોન : ૦૭૯-૨૩૯૭૫૪૨૮/૯૦૨**
(1) (B.A.) સમાજશાસ્ત્ર, ગ્રામઅર્થશાસ્ત્ર અને ગ્રામવિકાસ, લાયકાત : કોઈ પણ વિદ્યાશાખાના ધોરણ - ૧૨ પાસ (ભાઈઓ-બહેનો માટે) (2) (B.Sc.) ગૃહવિજ્ઞાન, લાયકાત : વિજ્ઞાન વિદ્યાશાખામાં ધોરણ-૧૨ પાસ

નોંધ : ઉપરોક્ત તમામ પ્રવેશ જાહેરાતોની સંપૂર્ણ માહિતી ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ : www.gujaratvidyapith.org, www.gujaratvidyapith.ac.in પરથી મેળવી શકાશે તેમજ ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્ય પછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું તા. ૧-૪-૨૦૧૫ પછીનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ શારીરિક રીતે વિકલાંગ (PH)ને ૩ ટકા અને જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે વધુ ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે.

**ખાસ નોંધ : ઉપરોક્ત તમામ વિષયોની સંપૂર્ણ માહિતી ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ : www.gujaratvidyapith.org ઉપર જોઈ શકાશે.**
**ઉપરોક્ત દરેક અભ્યાસક્રમમાં છેલ્લા વર્ષની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ અરજી કરી શકે છે.**
તા. ૨૦-૫-૨૦૧૬ — ડો. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ



**અમારૂ ગૌરવ**





**મેઘ વિપુલભાઈ ઠક્કર**
12th CBSCમાં ૯૭.૨% માર્કસ મેળવી પરિવારનું ગૌરવ વધારવા બદલ અમારા ખૂબ ખૂબ અભિનંદન.
તરૂ - અનિલભાઈ અગ્રવાલ
મૌના - અશોકભાઈ - ક્રીસ્મ
ટીના - ચેતનભાઈ - હેતાર્થ



Since 1986
॥ अभय ॥
ISO 9001:2008
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com



**GSPC**
**USED VEHICLE FOR SALE**

| Detail of Vehicle | Type of Vehicle | Year of Purchase | Minimum Base Value |
|---|---|---|---|
| GJ 18 U 9771 | Swaraj Mazda CNG/2005 AC staff Bus 2X1 25 seat | 2005 | 2,25,000 |

Interested parties may inspect the vehicle at parking space at GSPC Bhavan at given address during 11.00 am to 05.00 pm on any working day. The offers for purchase of vehicle may be submitted in sealed cover with (EMD) of Rs. 5000/- by demand draft in favour of Gujarat State Petroleum Corporation Ltd, payable at Gandhinagar at following address latest by 5.00 pm on or before 31/05/2016. Bidders should quote value which is higher than the minimum base value mentioned in the table. The bidders are requested to mention "Offer for purchase of Vehicle" on top of the sealed cover for identification. The company reserves its right to reject any or all the offers without assigning any reason. Please visit our website www.gspcgroup.com.

Senior Vice President (Accounts & Admin)
GUJARAT STATE PETROLEUM CORPORATION LIMITED
GSPC Bhavan, 4th floor, Sector-11, Gandhinagar-382010.



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**B.Sc. પ્રવેશ અંગે અવેરનેસ પ્રોગ્રામ**
**ગિરિશ રાવલ કોલેજ ઓફ સાયન્સ**
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન, ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત)
ઓમ એજ્યુકેશન કેમ્પસ, મોટા ચિલોડા, ગાંધીનગર
Ph. 079-23273028, M : 9727764824 Email : girishwavalbsc@gmail.com
B.Sc. વર્ષ ૨૦૧૬-૧૭ માટે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજીસમાં ઓનલાઈન પ્રવેશ મેળવવા અંગે 'અવેરનેસ પ્રોગ્રામ (જાગરૂકતા કાર્યક્રમ)' તારીક ૨૪/૫/૨૦૧૬, મંગળવાર સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦ દરમિયાન ઉપરોક્ત કોલેજ ખાતે આયોજિત છે. જેમાં B.Sc.માં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ તથા વાલીઓએ ઉપસ્થિતરહેવા વિનંતી. આપે મેળવેલ એડમિશન બુકલેટ સાથે લેતા આવવું.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com